૯૮૯

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)** |

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૨૫/૦૮/૨૦૧૬ ગુરૂવાર ના દિવસે બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઈસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઈસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૯/૦૮/૧૬ના રોજ "નેશનલ સ્પોર્ટ ડે" નિમિત્તે ઓગષ્ટના બીજા પખવાડીયાની સ્વચ્છતાની ઝુંબેશ અન્વયે તા.૨૦/૦૮/૧૬ના રોજ ડ્રાય ડે (વાહક જન્ય રોગ નિયંત્રણ)ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૨૦/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં વિવિધ સ્પોર્ટસ કલબ તેમજ NGOના સહયોગથી સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નીયત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીકની ધનિષ્ઠ કામગીરી નીચે મુજબ કરાવવામાં આવેલ હતી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 36420 | 77011 | 364 | 6314 | 1246 | 2343 | 86 | 49050 | 82 | 29649 | 16449 |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શક્યતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારા જુદા–જુદા વિસ્તારમાં જેવા કે, અઠવા ઝોનમાં આઝાદનગર–ભટાર વરાછા ઝોનમાં અટલજીનગર–ફુલપાડાપાસે, વિજયનગર–યોગીચોક, કમલપાર્ક સોસાયટી–લંબેહનુમાન રોડ ઉધના ઝોનમાં હરીઓમનગર–પાંડેસરા, લીંબાયત ઝોનમાં  કમરૂનગર આવાસ આ વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોક્ત વિસ્તારમાં ૨૩૧૬ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૯૧૩૭ વસ્તી આવરી લઈ ૪૬ ક્લોરીન ટેસ્ટ ૦૯ પાણીનાં બેક્ટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે. ૧૨૫૦૦ નંગ ક્લોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી ૦૮ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૮ નાના કેમ્પો મળી કુલ ૪૬ કેમ્પો કરવામાં આવ્યા છે. જેમાં કુલ ૮૮૩૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

જન સંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં....991<br>
તા.૨૨/૦૮/૨૦૧૬

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૮/૨૦૧૬ થી તા.૨૧/૦૮/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૪૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૮૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૯૩૧૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૬૭૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૪૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૬૧ કરદાતાઓ પાસેથી રૂા.૩૨,૫૨,૬૩૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૪૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૭ એન્ટ્રીમાં રૂા.૬૨,૬૮૦/– અને આર.સી.ની ૧૮ એન્ટ્રીમાં રૂા.૧,૧૨,૪૦૦/– મળી કુલ રૂા.૧,૭૫,૦૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦/– રીન્યુઅલની ૧૩ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "o" રોડ : ફુલપાડા મેઈન રોડ થી દબાણ હટાવી બંધ લારી–૦૨, ખુલ્લી લારી–૦૧ તથા અન્ય–૦૧ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : ફુલવાડી પાસે ડીમોલેશન તથા દબાણ હટાવી ખુલ્લી લારી–૦૧ તથા અન્ય–૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

૯૯૩

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં.૩૨૭૨–૭૩, એચ.કે.સ્ટ્રીટ, ઝાંપા બજાર, બેગમપુરા, સુરત વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી વિરૂધ્ધ મિલ્કતદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામ કરતાં અત્રેથી તા.૨૮/૦૭/૧૬ ના રોજ ધી બી.પી.એમ.સી. એકટ મુજબની નોટીસો પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતા અત્રેથી આજે તા.૨૨/૦૮/૧૬ ના રોજ આશરે ૪૫૨ ચો.ફુટ માપ વિસ્તારમાં છઠ્ઠા માળે કરવામાં આવેલ આર.સી.સી બીમ, કોલમ, સ્લેબ સહીતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

૯૯૪

# <u>પ્રેસનોટ</u>

નાયબ આરોગ્ય અધિકારીશ્રી સાથે થયેલ મીટીંગમાં મળેલ સુચના અનુસાર રાંદેરઝોનમાં **તા.૨૦/૦૮/૨૦૧૬** ના રોજ બપોરબાદ તથા મોડી સાંજે ખાધપદાર્થોની લારી ગલ્લા, તથા હોટલ, રેસ્ટોરન્ટની કામગીરી અંતર્ગત આરોગ્ય વિભાગની ટીમ મુખ્ય આરોગ્ય નિરીક્ષક – ૦૨, આરોગ્ય નિરીક્ષક– ૩ , મ.આરોગ્ય નિરીક્ષક–૯ દવારા સઘન ચેકીંગની કામગીરી કરવામાં આવેલ. સદર સંસ્થાના માલિકોને ડિસ્પોઝલ ડીશ તેમજ ગ્લાસ નો ઉપયોગ કરવા માટે સ્કોડ હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરોકત કામગીરી અંતર્ગત રાંદેરઝોન વિસ્તારમાં **૧૮૬** સંસ્થાઓ ચેક કરવામાં આવેલ તથા **૨૭** કિ.ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ. જેમાં **૪૮** ઈસમોને નોટીસ આપેલ તથા **૯૦** ઈસમો પાસેથી જણાયેલ ન્યુસન્સ બાબતે વહીવટી ખર્ચ પેટે **રૂા. ૨૨,૨૦૦/–** વસુલ કરવામાં આવેલ.

૯૯૫

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૦૮/૦૮/૨૦૧૬ થી તા.૧૪/૦૮/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૭,૧૨૦/–, વેસ્ટઝોન – રૂા.૪૭,૭૮૦/–, સાઉથઝોન – રૂા૬,૦૪૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૨૨,૭૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૭,૯૫૦/–, નોર્થઝોન – રૂા.૪,૭૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૦,૬૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૧,૧૬,૯૪૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

૯૯૬

# –: પ્રેસનોટ :–

## કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી

**સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે; યા હોમ કરીને પડો ફતેહ છે આગે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૬ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા સવારે ૯.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના તેમજ સવારે ૯.૪૫ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ ખાતે ''સિલ્વર ડોનર અને ગોલ્ડ ડોનર'' શ્રેણીમાં પુસ્તક દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર મહાપાલિકાએ ગત વર્ષે સુરતના સપૂત કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત નવિનીકરણ થયેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેની તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત લઈ પ્રથમ માળે પ્રદર્શિત કવિશ્રી નર્મદનું સાહિત્ય, હસ્ત લિખિત નાટકો–સાહિત્ય, ઉપયોગમાં લીધેલ ચીજ વસ્તુઓ નિહાળશે. ત્યારબાદ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, સુરત ખાતે પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદને વંદના સહ સુતરાંજલિ સહ વંદના કરવામાં આવશે. ત્યાર બાદ સવારે ૯.૪૫ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ ખાતે લોકભાગીદારીથી પુસ્તકો દાન કરનાર ''સિલ્વર ડોનર અને ગોલ્ડ ડોનર'' શ્રેણીમાં આવતા સૌ પ્રથમ શરૂઆતના ત્રણ પુસ્તક દાતાશ્રીઓને સન્માનીત કરવામાં આવશે. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો કવિ નર્મદ રચિત ''જય જય ગરવી ગુજરાત''ના નારા અને શૌર્યગીતો ગાતાં કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહેશે. સુરત મહાનગરપાલિકા આયોજીત ઉપરોકત તમામ કાર્યક્રમોમાં સહભાગી થવા નગરજનોને આમંત્રિત કરે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૯/૦૮/૧૬ના રોજ "નેશનલ સ્પોર્ટસ ડે" નિમિત્તે ઓગષ્ટના બીજા પખવાડીયાની સ્વચ્છતાની ઝુંબેશ અન્વયે તા.૧૮/૦૮/૧૬ના રોજ NGO દ્વારા સ્વચ્છતા કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનનું આયોજન કરવા જણાવેલ હતું.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૧૮/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારની વોર્ડ ઓફિસોમાં કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યોના સહયોગથી સ્વચ્છતા કર્મચારીઓને રક્ષાબંધન પર્વની ઉજવણી નીમીતે અરસપરસ રાખડી બાંધવાનો કાર્યક્રમના આયોજનમાં નીચે જણાવ્યા મુજબના સભ્યો/સ્ટાફ ઉત્સાહભેર ભાગ લઈ રાખડી બાંધવાના પ્રોગ્રામને સફળતા પુર્વક પાર પાડવામાં આવ્યો હતો.

| વોર્ડ ઓફિસની સંખ્યા | કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યોની સંખ્યા | સફાઈ કામદારની સંખ્યા |
|---|---|---|
| 83 | 198 | 1166 |

વધુમાં કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યો દ્વારા આજુ બાજુના રહિશો/કામદારોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૯/૦૮/૧૬ના રોજ "નેશનલ સ્પોર્ટસ ડે" નિમિત્તે ઓગષ્ટના બીજા પખવાડીયાની સ્વચ્છતાની ઝુંબેશ અન્વયેતા.૧૮/૦૮/૧૬ના રોજ NGO દ્વારા સ્વચ્છતા કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનનું આયોજન કરવા જણાવેલ હતું.

"સ્વચ્છ અને સ્વસ્થ ભારત" અંતર્ગત તા.૧૮/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારની વોર્ડ ઓફિસોમાં કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યોના સહયોગથી સ્વચ્છતા કર્મચારીઓને રક્ષાબંધન પર્વની ઉજવણી નીમીતે અરસપરસ રાખડી બાંધવાનો કાર્યક્રમના આયોજનમાં નીચે જણાવ્યા મુજબના સભ્યો/સ્ટાફ ઉત્સાહભેર ભાગ લઈ રાખડી બાંધવાના પ્રોગ્રામને સફળતા પુર્વક પાર પાડવામાં આવ્યો હતો.

| વોર્ડ ઓફિસની સંખ્યા | કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યોની સંખ્યા | સફાઈ કામદારની સંખ્યા |
|---|---|---|
| 83 | 198 | 1166 |

વધુમાં કોર્પોરેટરશ્રીઓ/NGO/સ્પોર્ટસ કલબના સભ્યો દ્વારા આજુ બાજુના રહિશો/કામદારોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. ૧૧૪

તા.૨૨ /૦૮/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૯૯૯

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૨.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૯ લોકેશન (ખાડા) ૫૭૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૦.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન(ખાડા) **૩૯૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન, **૧૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.ર (ઉધના), ફા.પ્લોટ–૧૧૯, પ્લોટ નં.૩૭,૩૮, ભીડભંજન સોસાયટી ખાતે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં.૩૦/એ/બી, બ્લોક નં.૨૦૨, પ્લોટ નં.૩૪૩,૩૪૪, ગણપતનગર ખાતે ૬૦૦ ચો.ફુટ મેશનરી તથા ૪૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૩** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા**: ૧૨૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૭.૦૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૮૬** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૧૪/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૩૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૦૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૭૩૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૫૪૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૪૬** કરવામાં આવેલ છે. જયારે **૩૩** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૧,૪૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૦૦૦

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૨/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ–૧૧૯, પ્લોટ નં.૩૭,૩૮, ભીડભંજન સોસાયટી ખાતે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), ફા.પ્લોટ નં.૩૦/એ/બી, બ્લોક નં.૨૦૨, પ્લોટ નં.૩૪૩,૩૪૪, ગણપતનગર ખાતે ૬૦૦ ચો.ફુટ મેશનરી તથા ૪૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા કરવામાં આવેલ છે.

૧૦૦૧

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૮(આઠ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૦ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો  નવમોમેડીકલ કેમ્પતા.૨૭/૦૮/૨૦૧૬ને શનિવારનાં રોજ કડીવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ સામે મહાલક્ષ્મી મંદિર પાસે, રૂસ્તમપુરા સુરત.ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ્ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવ

૧૦૦૨

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારમાંજેવા કે, લીંબાયત ઝોનમાં પુષ્પાનગર–આંજણા, લક્ષ્મીનારાયણ સોસાયટી–નવાગામ ડીંડોલી, રાંદેર ઝોનમાં જય અંબે સોસાયટી–અડાજણ, ઉધનાઝોનમાં આશાપુરી સોસાયટી–પાંડેસરા, ભગવતીનગર–ભેસ્તાન, કતારગામ ઝોનમાં આંબાતલાવડી (જુની–નવી), જનતા નગરઆવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૧૯૩કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૮૫૦૭વસ્તી આવરી લઈ૨૪કલોરીન ટેસ્ટ ૦૫પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે. ૧૧૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે.રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૮ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૯ નાના કેમ્પો મળી કુલ ૪૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૮૯૩૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૩૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૦૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૮૪ કરદાતાઓ પાસેથી રૂા.૨૪,૬૪,૯૧૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૦૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૧ એન્ટ્રીમાં રૂા.૧,૩૭,૧૦૦/– અને આર.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૭૭,૧૧૫/– મળી કુલ રૂા. ૨,૧૪,૨૧૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૮૦/– રીન્યુઅલની ૦૪ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા. ૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૮,૮૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : (૧) ધનમોરા રોડ પર થી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૫ જપ્ત કરવામાં આવેલ છે. (૨) ડભોલી મેઈન રોડ મહિલા મંદિર પાસે થી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૬ તથા અન્ય–૦૧ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૦૪

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૩/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૯ (ઉન), ફા.પ્લોટ–૨૨૨,૨૨૩,૨૪૧,૨૪૩,૨૪૭ પૈકી સબ પ્લોટ નં. એ–૨૧ થી એ–૫૯, સંજરનગરમાં મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામનું આશરે ૬૦૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૦૦૫

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૩.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૨ લોકેશન (ખાડા) ૪૦૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૬૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન(ખાડા) **૩૨૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૪૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૯ (ઉન), ફા.પ્લોટ–૨૨૨,૨૨૩,૨૪૧,૨૪૩,૨૪૭ પૈકી સબ પ્લોટ નં. એ–૨૧ થી એ–૫૯, સંજરનગરમાં મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામનું આશરે ૬૦૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૮** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૧૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૩.૫૯** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૩૨** લાખ થયેલ છે., **૦૮** EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૭૮૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** **૫૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૨૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૦૪૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૦૫૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૬૮** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૯,૧૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૦૦૬

**:: પ્રેસનોટ ::**

**સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી અને બીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૩ વર્ષથી યોજવામાં આવતી આ નાટ્ય ૪૪મી અને બીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની ૨૦ નાટ્ય સંસ્થાઓએ ભાગ લેવા માટે પ્રવેશપત્રો ભર્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ક્રમ નકકી કરવા માટે તા.૨૨/૦૮/૨૦૧૬ના રોજ નાટ્ય સંસ્થાઓની મીટીંગ યોજવામાં આવી હતી. જે ભજવણીના ક્રમની જાણ લેવા, ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓ તરફથી મળેલ રજુઆત અને નાટ્ય સ્પર્ધાની ફાઈનલ ભજવણીની તારીખ, સ્થળ તથા અન્ય નિતિ વિષયક નિર્ણયો લેવા માટે તા.૨૩/૦૮/૨૦૧૬ના રોજ માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં નિર્ણાયક કમિટિની મીંટીગ મળી હતી. જેમાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓ તરફથી મળેલ રજુઆતને ધ્યાને લઈ નાટ્ય સંસ્થાઓને પ્રેકટીસ કરવા માટે પુરતો સમય મળી રહે તે માટે ૪૪મી અને બીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૦૪/૧૨/૨૦૧૬ થી ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવાનું નકકી કરવામાં આવેલ છે.

૪૪મી અને બીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૦૪/૧૨/૨૦૧૬થી ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવાનું નકકી કરવામાં આવેલ હોય, સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૧૬માં નાટ્ય સ્પર્ધા માટે અનામત રાખવામાં આવેલ સુરત મહાનગરપાલિકાના ત્રણેય ઓડિટોરીયમોની તારીખો રીલીઝ કરવામાં આવેલ છે. જેથી ઓડિટોરીયમોનું બુકિંગ મેળવવા માંગતા આયોજકો / જાહેરજનતાએ નોંધ લેવી.

**:: ૪૪મી અને બીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓની સ્કુટિનિના ક્રમ ::**

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | થીએટર ઓફ જનરેશન નેકસ્ટ | ધ કેરેકટર |
| ૨ | કે.ડી.એન્ટરટેઈનર્સ | પ્રપંચ |
| ૩ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | મારે તમને મળવું છે |
| ૪ | દિપ આર્ટસ્ | કથા |
| ૫ | ડાયમંડ સીટી પ્રોડકશન્સ | ચેક મેટ |
| ૬ | કરંજીયા આર્ટસ્ | આહુતિ |
| ૭ | ઈવોલ્વ મલ્ટીમિડીયા | વારા ફરતી વારો, મારા પછી... |
| ૮ | રંગપૂજા થિયેટર્સ | ટર્નીગ પોઈન્ટ |
| ૯ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | અંજી |
| ૧૦ | મલયમ ગૃપ આર્ટ થિયેટર્સ | – |
| ૧૧ | પ ર મ | તા.૭મે ને મંગળવાર |
| ૧૨ | નવરંગ આર્ટસ | સંસારની સેમી ફાઈનલ |
| ૧૩ | અસ્તિત્વ પ્રોડકશન | ચરીત્ર |
| ૧૪ | રંગકર્મી | જે તરફ તું લઈ જશે |
| ૧૫ | આર્ટીઝમ થિયેટર | દેવદાસીની |
| ૧૬ | ફોરમ આર્ટસ | "ક" કતલનો "ક" |
| ૧૭ | મલ્હાર | અલિખીત |
| ૧૮ | સમાંતર થીએટર | હાથી રાજા |
| ૧૯ | સ્નેહાસવ આર્ટ | આજનો અશ્વત્થામા |
| ૨૦ | સ્વરમ્ એન્ટરટેઈનર | – |

૧૦૦૭

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૧૫/૦૮/૨૦૧૬ થી તા.૨૧/૦૮/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૭,૭૮૦/–, વેસ્ટઝોન – રૂા.૨૭,૩૫૦/–, સાઉથઝોન – રૂા.૪,૫૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૮,૭૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૧૩,૬૦૦/–, નોર્થઝોન – રૂા.૪,૧૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૨,૧૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૮૮,૧૮૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

૧૦૦૮

## **પ્રેસનોટ**

## **કવિ શ્રી નર્મદની ૧૮૪ મી જન્મ જયંતી તેમજ**

## **કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૬ મા સ્થાપના દિનની સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉજવણી**

સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૪ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૬ મા સ્થાપના દિન નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા ક.ન.મ.પુસ્તકાલય ખાતે મેયરશ્રી, ડે.મેયરશ્રી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, શાસક પક્ષ નેતાશ્રી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી અને મ્યુ.કમિશ્નરશ્રી સહિત મ.ન.પા.ના અન્ય અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, પુસ્તક દાતાશ્રીઓ, પુસ્તકાલયના વરિષ્ઠ વાચક સભ્યો અને અન્ય નિયમિત વાચકોની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટય કરી, કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ પુસ્તકાલયના સભાગૃહમાં યોજાઈ ગયેલ કાર્યક્રમમાં મેયરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી ધ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યા હતા. જેમાં પુસ્તકાલયની વિવિધ પ્રવૃત્તિઓ અને યોજનાઓ અંગે મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા માહિતી આપવામાં આવી હતી. આ યોજનાઓનો જાહેર જનતા ધ્વારા મહત્તમ લાભ લેવામાં આવે તે માટે મેયરશ્રી ધ્વારા સૌને અપીલ કરવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રી ધ્વારા આ પ્રસંગે શિક્ષણ સમિતિની શાળાઓના ૬ બાળકોને શુભેચ્છા સભ્યપદ પ્રદાન કરી, આવતા વર્ષે વધુમાં વધુ બાળકોને શુભેચ્છા સભ્યપદ આપવાની ઈચ્છા પ્રકટ કરી હતી. કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે ગત સાલ સૌથી વધુ પુસ્તકો ભેટ આપનાર અગ્રણી દાતાશ્રીઓને શાલ ઓઢાડી અને સ્મૃતિ ભેટ અર્પણ કરી, સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ શુભ અવસરે પુસ્તકાલય ખાતે રંગબેરંગી સુશોભન કરી, કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સામાન્ય જ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, લોકસાહિત્ય, વિજ્ઞાન, પ્રવાસ, જીવનચરિત્ર, ઈતિહાસ વિ. વિષયોને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જેને વાચક સભ્યો તથા મુલાકાતીઓ તરફથી પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડેલ હતો. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહેલ વિદ્યાર્થી મિત્રોને રંગીન બુક માર્કનુ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યુ હતુ.





૧૦૦૯

## –: પ્રેસનોટ :–

## કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી

**સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે; યા હોમ કરીને પડો ફતેહ છે આગે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૬ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા સવારે ૯.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના તેમજ સવારે ૯.૪૫ કલાકે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, અઠવાલાઈન્સ ખાતે ''સિલ્વર ડોનર અને ગોલ્ડ ડોનર'' શ્રેણીમાં પુસ્તક દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

૨૪મી ઓગષ્ટ–૧૮૩૩ના દિવસે પુણ્ય સલિલા તાપી તટે વસેલ સુરતમાં જન્મેલા કવિ નર્મદએ 'કલમ, હવે તો તારે ખોળે છઉં', કહીને માત્ર કલમની કમાણી પર જીવવાનો નિર્ણય કરનારે ગુજરાતી સાહિત્યમાં કવિતા, નિબંધ, કોષ, જીવન કથા સહિત પ્રથમ આત્મકથા આપનાર છે. ગુજરાતમાં સમાજ સુધારાની ચળવળને આગળ ધપાવનાર અને પ્રેમશૌય અંકિત કરનારા તથા સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, કુરિવાજો સામે લડતાં લડતાં વિધવા પુનઃલગ્ન કરી ''સુધારક યુગ''ના પ્રવર્તક એવા કવિ નર્મદની જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાએ સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ અને મહાનગરપાલિકાના પદાધિકારીઓ સાથે સુરતના સપૂત કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત નવિનીકરણ કરવામાં આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત લઈ નર્મદ પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદના કરી હતી. ત્યાર બાદ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો કવિ નર્મદ રચિત ''જય જય ગરવી ગુજરાત''ના નારા અને શૌર્યગીતો ગાતાં કાર્યક્રમ સ્થળે આવતાં માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ

તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નર્મદપ્રેમી નગરજનો અને શાળાના બાળકોએ પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીતવૃંદે અને બાળકોએ કવિ નર્મદની કાવ્ય રચનાઓ ગાઈને સ્વરાંજલિ આપી હતી.



સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના સપુત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી પ્રસંગે તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ ગાંધીબાગ, સુરત ખાતે કવિશ્રી નર્મદ પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરતા માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા દ્રશ્યમાન છે.

૧૦૧૦

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્રારા જુદા–જુદા વિસ્તારમાં લીબાયતમાં મહાપ્રભુનગર, વીરદર્શન સોસાયટી–પરવતગામ, ગણેશનગર–૧–ગોડાદરા, શ્યામ વીલા–નવાગામ ડીંડોલી, ઉધનામાં રામેશ્વર કોલોની–ગભેણી રોડ, હીરાનગર–પાંડેસરા, વરાછામાં રામકૃષ્ણા સોસાયટી વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૩૦૧ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૮૭૧૧ વસ્તી આવરી લઈ૨૮ કલોરીન ટેસ્ટ ૦૭ પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે. ૧૪૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે.રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૮ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૯ નાના કેમ્પો મળી કુલ ૪૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૮૯૩૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૧૦૧૧

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૯૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૨૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૯૧ કરદાતાઓ પાસેથી રૂા.૨૪,૭૩,૬૬૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૮૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૯ એન્ટ્રીમાં રૂા.૧,૦૪,૫૨૦/– અને આર.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૨,૫૫,૩૨૮/– મળી કુલ રૂા. ૩,૫૯,૮૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૭૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

ડ્રેનેજ ખાતા ધ્વારા ૧૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવ્યા.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૧૩,૨૪૮/–, દબાણ ચાર્જના રૂા.૮,૮૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૬,૬૦૦/– મળી કુલ રૂા.૧,૨૮,૬૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : હરિઓમ મીલથી બાળાશ્રમ સુધીનું દબાણ હટાવી અન્ય–૦૧ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : સંતોષીનગર સોસાયટીથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૭ તથા બંધ લારી–૦૧ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૧૨

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૨૪/૦૮/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ–૬૯, પ્લોટ નં. ૩૦/બી, ઓમશ્રી સાંઈ જલારામ વિભાગ–૨ ખાતે ૧૬૦ ચો.ફુટ મેશનરી તથા ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૦૧૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૪.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૭ લોકેશન (ખાડા) ૩૯૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૫૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન(ખાડા) **૨૬૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૧૯૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.ર (ઉધના), ફા.પ્લોટ–૬૯, પ્લોટ નં. ૩૦/બી, ઓમશ્રી સાંઈ જલારામ વિભાગ–ર ખાતે ૧૬૦ ચો.ફુટ મેશનરી તથા ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૭૦** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૭૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૮.૩૪** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૪૬** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨,૩૩૬**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૩૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૭૧૧૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૩૭૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૭૫** કરવામાં આવેલ છે. જયારે **૪૫** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૨,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૦૧૪

# પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા દેશના ૧૦૦ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પ્રથમ તબક્કાના ૨૦ સ્માર્ટ સીટીમાં સુરત શહેરની પસંદગી થયેલ છે. સ્માર્ટ સીટી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે, જે પૈકી PAN સીટી પ્રોજેક્ટ અંતર્ગત સીટી વાઈડ ફાઈબર કનેકટીવીટી માટે ફાયબર-ટુ-હોમ - "કનેક્ટેડ સુરત" પ્રોજેક્ટ પણ સામેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સીટી વાઈડ ફાયબર નેટવર્ક બનાવી સુરત શહેરીજનોને વ્યાજબી ભાવે ઈન્ટરનેટ ઉપલબ્ધ કરાવી ડીજીટલ એમ્પાવરમેન્ટ કરવાનું આયોજન છે. આ ઉપરાંત પ્રોજેક્ટ અંતર્ગત ફાયબર નેટવર્ક બન્યેથી અગત્યના સ્થળે પબ્લિક વાયફાય સુવિધા પૂરી પડવાનું આયોજન છે.

સદર પ્રોજેક્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા પી.પી.પી. બેઈઝથી સુરત શહેર ખાતે તબ્બકાવાર ૩૦૦૦ કિ.મી. ફાયબર નેટવર્ક એસ્ટાબ્લીશ કરવા સહિતની કાર્યવાહી કરી ને શહેરીજનોને વિવિધસુવિધા આપવાનું આયોજન છે. સદર પ્રોજેક્ટ સંદર્ભે આ ક્ષેત્ર સાથે સંકળાયેલ વિવિધ સર્વિસ પ્રોવાઇડર અને સીસ્ટમ ઇન્ટીગ્રેટર સાથે સ્ટેક હોલ્ડર કન્સલ્ટેશન વર્કશોપનું આયોજન આજ રોજ મે. કમિશ્નરશ્રી ની અધ્યક્ષતા હેઠળ તા. ૨૪.૦૮.૨૦૧૬ ના રોજ નર્મદ લાઈબ્રેરી ખાતે રાખવામાં આવેલ. સદર વર્કશોપમાં બીએસએનએલ, વોડાફોન, ભારતી એરટેલ, રિલાયન્સ જીઓ, રિલાયન્સ કોમ્યુનીકેશન જેવી ટેલીકોમ કંપનીઓ તેમજ એચપી, ટેક મહિન્દ્રા, L&T, નોકિયા જેવી વિવિધ સીસ્ટમ ઇન્ટીગ્રેટર કંપનીઓ સહીત ૨૫ થી વધુ નામાંકિત કંપનીના પ્રતિનીધી હાજર રહ્યા હતા. સુરત મહાનગરપાલિકા તરફથી સીટી ઈજનેરશ્રી, ડેપ્યુટી કમિશ્નર (ડેપ્યુટેશન), ડેપ્યુટી કમિશનર તથા અન્ય સ્ટાફ સહીત પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ પી.ડબ્લ્યુ.સી ના પ્રતિનિધિઓ હાજર રહેલ હતા.

સદર વર્કશોપમાં વિવિધ ટેલીકોમ તથા સીસ્ટમ ઇન્ટીગ્રેટર કંપનીઓ સાથે સીટી વાઈડ ફાઈબર નેટવર્ક કનેકટીવીટી પ્રસ્થાપિત કરવા માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમજ આ અંગે તેમના આ ક્ષેત્રના અનુભવોને આધારે અભિપ્રાય લેવામાં આવ્યા હતા તથા આ અંગે તેઓના સૂચનો આવનારા અઠવાડિયામાં પુરા પાડવા જણાવવામાં આવેલ છે. સ્ટેક હોલ્ડર એજન્સીઓ દ્વારા પ્રાપ્ત થયેલ અને થનાર સૂચનો ધ્યાને લઈને સુરત મહાનગરપાલિકા દ્વારા ટુંક સમયમાં આ પ્રોજેક્ટ માટે ડી.પી.આર. તૈયાર કરવામાં આવનાર છે.

વર્કશોપ બાદ સદર કન્સલ્ટેશન વર્કશોપમાં ભાગ લેનાર પ્રતિનિધીઓને સુરત મહાનગરપાલિકાનું સ્મેક સેન્ટર પણ બતાવવામાં આવેલ અને તેઓ દ્વારા સદર પ્રોજેક્ટની સરાહના કરવામાં આવેલ.

૧૦૧૫

# :: પ્રેસનોટ ::

## <u>સુરત મહાનગપાલિકા આયોજીત ભજન સ્પર્ધા</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૯/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના **<u>૩૦ વર્ષથી વધુ વયના</u>** ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૦૬/૦૯/૨૦૧૬</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૯/૦૮/૨૦૧૬ થી તા.૨૫/૦૮/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૮,૯૮૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૮.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૧.૮૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૪૪ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧૬,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૨ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૧,૩૮૦ અને ૯,૩૮૫ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૨,૮૬,૫૦૦/– અને રૂા.૩,૭૩,૬૮૦/– રકમ મળી કુલ રકમ રૂા.૬,૬૦,૧૮૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૦૧૭

# પ્રેસનોટ

કેન્દ્ર સરકાર તા. ૦૭–૦૪–૨૦૧૬ થી મ્યુનિસ્પિલ ઘનકચરાનાં નિયમો–૨૦૦૦ ની જગ્યાએ ઘનકચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ અમલમાં આવેલ છે. જેમાં નિયમ – ૪(અ) થી ઘનકચરો પેદા કરનારાઓની જવાબદારી નકકી કરવામાં આવેલ છે. જે મુજબ ઘર તેમજ ધંધાના સ્થળે ઉત્પન્ન થતા કચરાને અલાયદો રાખી તેનો નિકાલ નીચે મુજબ કરાવવાનો રહે છે.

પાત્ર–૧: નાશવંત કચરો : જેવો કે રસોડાનો / બગીચાનો કચરો / લીલા રંગનાં પાત્રમાં એકત્રીત કરવાનો
રહે છે.

પાત્ર–ર: પુનઃવપરાશ પુનઃચક્રીય થઈ શકે તેવો કચરો (Recyclebale Waste) જેવો કે પ્લાસ્ટીક/કાગળ/પુઠા/રબર/લાકડું/મેટલ/ટીન/ચીપ્સ/વેફર્સ/કુરકુરે વગેરેનાં એલ્યુમિનિયમ ફોઈલની કોથળીઓનો સફેદ રંગનાં પાત્રમાં એકત્રીત કરવાનો રહે છે.

આ ઉપરાંત નિયમ–૪(૨) ની જોગવાઈ મુજબ ૧૦૦ થી વધુ વ્યકિતઓની સંખ્યાઓનો મેળાવડો યોજનારે સુરત મહાનગરપાલિકાની લેખિત પરવાનગી ઓછામાં ઓછા દિન–૩ પહેલા મેળવીને ઉપર દર્શાવ્યા મુજબ કચરાને અલયાદો એકત્રીત કરવાનો રહેશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા આ ઉપરાંત કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટનાં એકત્રીકરણ અને નિકાલ કરવા સંદર્ભે નિયત કરેલ એજન્સી મારફતે આ વેસ્ટનો પણ નિકાલ કરવાનો રહે છે. એવી જ રીતે ઈ વેસ્ટ, પ્લાસ્ટીક વેસ્ટનાં એકત્રીકરણ માટે પણ એજન્સી નિયુકત કરવામાં આવેલ છે. જો ઉપર મુજબ પાત્રોમાં કચરો છુટો પાડવામાં ન આવશે તો પબ્લીક હેલ્થ બાયલોઝ – ૨૦૧૬ મુજબ ફી તથા વહીવટી ચાર્જ વસુલ લેવાનો રહે છે.

મ્યુનિસિપલ ઘનકચરા નિયમ–૨૦૧૬ ની વિસ્તૃત જાણકારી જાહેર જનતા તેમજ ઘનકચરો ઉત્પન્ન કરતાં વિવિધ એકમો / સંસ્થાઓ /સોસાયટીઓને મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એક વર્કશોપનું આયોજન મા. મેયરશ્રીનાં અધ્યક્ષસ્થાને તા. ૨૬–૦૮–૨૦૧૬ નાં રોજ સવારે ૧૦–૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે રાખવામાં આવેલ, જેમાં શહેરનાં પદાધિકારીશ્રીઓ, નગરસેવકો, વિવિધ સ્ટેક હોલ્ડર્સ–હોટલ એસોસીએશન, બિલ્ડર એસોસીએશન, સોસાયટીનાં પ્રતિનિધિઓ, સુરત મહાનગરપાલિકનાં કર્મચારીઓ હાજર રહયા હતા. આ વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે GPCBનાં શ્રી સજીવ વૈજનાપુરકર, SVNIT નાં ર્ડા. કે.ડી.યાદવ, Urban Management Center, Ahmedabad નાં શ્રી અનુરાગ એન્થની , WTERT-India નાં શ્રી એવીક સીલ હાજર રહી ઉપરોકત બાબતે શહેરીજનોને સારી જાણકારી આપી હતી. શહેરીજનો તથા વિવિધ એકમો તથા સંસ્થાઓ તરફથી આ વર્કશોપને સારો એવો આવકાર પ્રાપ્ત થયેલ છે.

૧૦૧૮

# પ્રેસનોટ

| | |
|---|---|
| (logo) | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)** |

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા, સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮ તા.૨૬/૦૬/૨૦૦૮, સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૪૫૦/૨૦૧૬ તા.૨૪/૦૮/૨૦૧૬ તથા સંયુકત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ફેકસ પત્ર નં.પરચ/૮૦૨૦૧૪/સીએમ–૩૩૩/પી તા.૨૦/૮/૨૦૧૬ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામપશુ વધશાળા / કતલખાનાઓ તા.૨૯/૦૮/૨૦૧૬ થી તા.૦૫/૦૯/૨૦૧૬ સુધી તેમજ અનંત ચતુર્દશી / ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૧૫/૦૯/૨૦૧૬ ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે. તથા સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉપરોકત દિવસો દરમ્યાન માંસ–મચ્છી–મટન, જીવતા પશુ–પક્ષીઓની કતલ તથા તેના વેચાણ પર પ્રતિબંધ રાખવાનું ઠરાવેલ હોય, જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઈસમોએ લેવી.

૧૦૧૯

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબાઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારમાંઉધનામાં આંબેડકર આવાસ,ગૌતમનગર ઝુપડપટ્ટી–ભેસ્તાન, પ્રભુનગર–૧,૨–પાંડેસરા, કતારગામમાં નાયકા વાસ, ટેકરા ફળિયુ, કોળી વાડ, પ્રભુનગર, પ્રજાપતિ મહોલ્લો, આવાસ એચ–૧–કોસાડ, અઠવામાં મખ્ખન કોલોની, પટેલ ફળિયુ, બ્રાહ્મણ ફળિયુ, હળપતિવાસ ગવિયરગામ–ડુમસ રોડ,લીંબાયતમાં સુભાષનગર, ચીમની ટેકરા–ઉમરવાડા, વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકતવિસ્તારમાં ૨૧૦૦કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૮૧૫૯વસ્તી આવરી લઈ ૪૩કલોરીન ટેસ્ટ ૦૬પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૩૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે તેમજ આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ કેસોની સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તદ્દ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૮ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૯ નાના કેમ્પો મળી કુલ ૪૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૮૯૩૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૯/૦૮/૧૬ના રોજ "નેશનલ સ્પોર્ટસ ડે" નિમિત્તે ઓગષ્ટના બીજા પખવાડીયાની સ્વચ્છતાની ઝુંબેશ અન્વયે તા.૨૩/૦૮/૧૬ના રોજ સ્પોર્ટસ કલબના સભ્યો તથા શાળાઓના વિધાર્થીઓ, શિક્ષકોના સહયોગથી શાળાઓમાં રમતગમતના મેદાનોની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૨૩/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં શાળાઓમાં રમતગમતના મેદાનોની સફાઈ સ્પોર્ટસ કલબના સભ્યો તથા શાળાઓના વિધાર્થીઓ, શિક્ષકોની સયુકત ટીમો બનાવી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

| સ્પોર્ટસ કલબના સભ્યોની સંખ્યા | સફાઈ ઝુંબેશ કામગીરીમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે. ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| | વિધાર્થીઓ, શિક્ષકોની સંખ્યા | સુપરવાઈઝર સ્ટાફ | સફાઈ કામદાર | | |
| 269 | 433 | 53.000 | 279 | 3.638 | 334 |

વધુમાં સ્પોર્ટસ કલબના સભ્યો તેમજ શાળાના શિક્ષકો દ્વારા વર્ગખંડમાં જઈ વિધાર્થીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છતામાં વધુમાં વધુ પ્રમાણમાં નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે ભારત સરકાર દ્વારા નાગરીકોને પ્રોત્સાહીત કરવા માટે દર પખવાડીયાની થીમ વાઈઝ અલગ અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૯/૦૮/૧૬ના રોજ "નેશનલ સ્પોર્ટસ ડે" નિમિત્તે ઓગષ્ટના બીજા પખવાડીયાની સ્વચ્છતાની ઝુંબેશ અન્વયે તા.૨૨/૦૮/૧૬ના રોજ ગોપીતળાવ, એકવેરીયમ, નેચરપાર્કની એન્ટ્રી ટીકીટ ઉપર "સ્વચ્છ ભારત મિશન"નો લોગો તથા સધન IECની કામગીરીની ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ હતું.

"સ્વચ્છ અને સ્વચ્થ ભારત" અંતર્ગત તા.૨૩/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તાર પૈકી આવેલ ગોપીતળાવ, એકવેરીયમ, નેચરપાર્કની એન્ટ્રી ટીકીટ ઉપર "સ્વચ્છ ભારત મિશન"નો લોગો તેમજ "સ્વચ્છતા સુત્ર" પ્રચાર પ્રસાર કરી ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

| સ્થળનુ નામ | સુપરવાઈઝર સ્ટાફ | સફાઈ કામદાર | નિકાલ કરેલ કચરો(મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ(કી.ગ્રા.) |
|---|---|---|---|---|
| નેચરપાર્ક (પ્રાણી સંગ્રહાલય) સરથાણા જકાતનાકા, એકવેરીયમ પાલ, ગોપી તળાવ, નવસારી બજાર રોડ | 13 | 45 | 1.255 | 240 |

વધુમાં ઉપરોકત સ્થળોએ તેમજ જાહેર સ્થળોએ કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા અભિયાનના પ્રસાર અર્થે બેનર/હોર્ડીગ્સ લગાવી તથા જોવા આવેલ પ્રેક્ષકોને એન્ટ્રી ટીકીટની પાછળ "સ્વચ્છ ભારત મિશન"નો લોગો તેમજ "સ્વચ્છતા સુત્ર" છપાવી બહોળો પ્રચાર કરવામાં આવેલ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૮/૨૦૧૬ થી તા.૨૫/૦૮/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૮૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૧૭૯/— વસુલ લેવામાં આવેલ છે. ૭૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૯૩૪૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૨૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૯૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૮૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૨૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૧૮ કરદાતાઓ પાસેથી રૂા.૧૮,૭૨,૮૮૬/— નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૦૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૧ એન્ટ્રીમાં રૂા.૧,૫૮,૪૪૮/— અને આર.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૧,૫૮,૮૦૦/— મળી કુલ રૂા.૩,૧૭,૨૪૮/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૪૦૦/— રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૩૬૦/— અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૨૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : સીંગણપોર ચાર રસ્તાથી માર્કેટ સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી—૦૯ તથા ટેબલ—૦૪ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : ગાયત્રીનગર સોસા., અમરોલી ભગુનગર ટાંકી તથા અમરોલી ચાર રસ્તાથી દબાણ હટાવી ખુલ્લી લારી—૩૩, બંધ લારી—૦૫ તથા અન્ય—૧૦ જપ્ત કરવામાં આવેલ છે.

૧૦૨૩

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૦/૦૮/૧૬ થી તા.૨૬/૦૮/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૬૩ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૦૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૪ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૪ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૨૭ |

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૬/૦૮/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતા તપેલા ડાઈંગ સીલ કરવાની કામગીરી

પુર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૮(ઉમરવાડા) માં આવેલ નરસીંહ મંદિરની ચાલ વિસ્તારમાં તપેલા ડાઈગ વડે રંગારી કામ કરી તેનુ કેમિકલ વાળુ ગંદુ પાણી જાહેર માર્ગ તથા ગટરમાં નાખી ગંદકી ફેલાવતા સદર ગેરકાયદેસર રીતે ચાલતા તપેલા ડાઈગને અત્રેનાં આરોગય વિભાગ ધ્વારા નોટિસ આપવામાં આવેલ પરંતુ આજરોજ સુધી સદર મિલકતદારો ધ્વારા તપેલા ડાઈગની પ્રવૃત્તીઓ બંધ કરવામાં આવેલ ન હોય, જેથી આજરોજ અત્રેનાં દબાણ સ્ટાફ, શહેરી વિકાસ સ્ટાફ, તથા આરોગ્ય વિભાગ ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સદર મિલકતોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ. સદર કાર્યવાહી દરમ્યાન ૧૦(દસ) મિલકતોને અત્રેની કચેરી ધ્વારા સીલ મારવામાં આવેલ. સદર કાર્યવાહી દરમ્યાન સ્થળ ઉપર લોકટોળા જમા થઈ ઉગ્ર વિરોધ કરવામાં આવેલ પરંતુ સ્થળ ઉપર હાજર રહેલ પોલિસ સ્ટાફે પરિસ્થિતી ને નિયંત્રણ કરેલ.

ઉકત કામગીરી એડી. સીટી. ઈજનેરશ્રીની સૂચના  મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રી, શહેરી વિકાસ વિભાગ, દબાણના સ્ટાફ, આરોગ્ય વિભાગ, પોલીસ બંદોબસ્ત  તથા સિકયુરીટી સ્ટાફ મારફત પાર પાડવામાં  આવેલ.

૧૦૨૫

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૯/૦૮/૨૦૧૬ થી તા.૨૫/૦૮/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૮૬૬૮ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૦૫૬ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૮૯ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૮ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૪૯ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૦૬ મેજર ઓપરેશનો તથા ૨૪૬ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૩૧૪૨, સોનોગ્રાફી ૬૯૮, એમ.આર.આઈ. ૧૪૨ તથા સીટી સ્કેન ૧૩૩ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૧૭૫ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૩૪ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૭૫૭૬ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૧૭૨ દર્દીઓ તથા નવા ૧૧૫ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૧૦૨૬

## <u>પ્રેસનોટ</u>

## 'સ્વચ્છ ભારત મિશન' તથા 'નેશનલ સ્પોર્ટસ ડે' અંતર્ગત ઉજવણી

ભારતમાં 'નેશનલ સ્પોર્ટસ્ ડે' મેજર ધ્યાનચંદ્રના માનમાં ઉજવણી સંદર્ભે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દરેક જિલ્લામાં ૨૯મી ઓગષ્ટ દિને રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવણી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬ના રોજ સવારે ૭.૦૦ કલાકે 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત ''સ્વચ્છતા દોડ'' નું આયોજન કેનાલ વોક શોપર્સ થી રત્ન જયોતિ એપાર્ટમેન્ટ, સુકુમ પ્લેટીનમ થઈ,પરત કેનાલ વોક શોપર્સ, વીઆઈપી રોડ, વેસુ, સુરત સુધી કરવામાં આવનાર છે. ત્યાર બાદ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે સ્પોર્ટસ્ કલબના સભ્યો દ્વારા ''Mygov.in'' પર સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા અંગેના શપથ લેવામાં આવશે. તેમજ સફાઈની શ્રેષ્ઠ કામગીરી કરનાર શહેરની સ્પોર્ટસ કલબ/સ્ટેડીયમના પ્રતિનિધિઓનું તેમજ શહેરના જાણીતા રમતવીરોનું સન્માન કરવામાં આવશે. તથા સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભાશાળી સંવર્ધન યોજન હેઠળ સુરત શહેરનાં પસંદ થયેલ (સી.ઓ.ઈ.) ૧૮૫ જેટલા રમતવીરોને મહાનુભાવોના હસ્તે ચેક વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત ''સ્વચ્છતા દોડ'' કાર્યક્રમમાં સહભાગી થવા સુરત શહેરના દરેક વર્ગના બાળકો, મહિલાઓ, પુરૂષો, વિવિધ સ્પોર્ટસ એસોશીએશન, સીનીયર સીટીઝન નાગરિકોને સમયસર મોટી સંખ્યામાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સહભાગી થવા નિમંત્રણ છે.

સમાચારયાદી ,તા.૨૬/૦૮/૨૦૧૬.<br>
જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

૧૦૨૭

# સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૭/૦૮/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ખજુરાવાડી કોટની અંદર અને બહાર તેમજ કોળીવાડનો વિસ્તાર, મોમનાવાડ, બડેખાં ચકલા પોલીસચોકીની ગલી,સલમાબીબીની ચાલ,અશરફી ગલી,મેઘવાળ સોસાયટી,રાવણતાડ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સંગના સોસાયટી,હેતલ નગર,એસ.એમ.સી.કવાટર્સ ક્રોમાની પાછળ,પંકજ નગર તથા આજુબાજુના વિસ્તાર સંધ્યા વંદન સોસાયટી,માધવ વસાહત,જીનમીલ ઝુપડપટ્ટી,ઈસ્કોન જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં સંજયનગર–૧,ઉધના, ગણપતનગર,બમરોલીરોડ, પાંડેસરા,સિધ્ધાર્થનગર,ઈડબલ્યુએસ આવાસ,ભેસ્તાન ગણેશનગર, બમરોલી, અનુકુલનગર, આબાદનગર, ઉન, શાસ્ત્રી નગર મહાવીરનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં ક્રાંતિનગર, નૂરેઈલાહીનગર,ભાઠેના ૧૮૧ વાડીવાલાબાબા દર્ગા પાસે,માનસી રેસીડેન્સી, ગાયત્રી નગર,વૃંદાવન નગર–૧,૨, ક્રિષ્નાનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં દમણ ફળિયું ઉમરાગામ,પનાસગામ,ડો.આંબેડકર નગર,રસુલાબાદ,ખજોદગામ,આંબા વાઢી સુલતાના બાદ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં વણજારાવાસ,કિસ્મત કોલોની, હળપતિવાસ,મિલિન્દનગર ઝૂપ.,હળપતિવાસ,ઈન્દિરાનગર,ખડી મહોલ્લો એચ–૩ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં સ્વામી વિવેકાનંદ ઝું., નરસિંહ મંદિર, અશોકનગર, રતનજીપાર્ક, રામબાગ–૧/૨,ભરતનગર,સાધના, પ્રથમ, સૌરાષ્ટ્ર ટા.શી., ક્રિષ્ના ટાઉનશીપ,વિક્રમનગર–૨, અમરધામ, માતૃશકિત સો., હસ્તીનાપુર સો., સત્યનારાયણ સો.,અક્ષરધામ સો. જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 43427 | 92867 | 461 | 13801 | 1073 | 2289 | 123 | 71850 | 89 | 35216 | 15849 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**